અધિકારીઓ પ્રજાના કામ ન કરતા હોવાનો સભ્યોને કડવો અનુભવ

ગોરજના ઝવેરપુરામાં વૃક્ષચ્છેદન મુદ્દે સરપંચ-ડેપ્યુટી સામે ગંભીર આક્ષેપ

મામલતદાર કચેરીની નિષ્ક્રિયતા સામે રોષ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.12

ગોરજ ગ્રામ પંચાયતના ખુદ સદસ્યોએ જ પોતાની પંચાયતના સરપંચ અને ડેપ્યુટી સરપંચ સામે ગંભીર આક્ષેપો સાથે અવાજ ઉઠાવતા વિસ્તારમાં રાજકારણ ગરમાયું છે. ગોરજ પંચાયતના પેટાપુરા-ઝવેરપુરા ગામ વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડના ગુલમહોર અને નીલગીરીના વૃક્ષો તેમજ પંચાયતની જગ્યાએ આવેલા લીમડાના ત્રણ ઝાડોને કોઈ પરવાનગી વગર કાપી નાંખવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સભ્યોના જણાવ્યા મુજબ સરપંચ અને ડેપ્યુટી સરપંચે સત્તાનો દુરુપયોગ કરી મનસ્વી રીતે વૃક્ષો કાપી બારોબાર વેચી માર્યા છે. આ બાબતની જાણ થતાં ગ્રામ પંચાયતના સભ્યો સ્થળ પર પહોંચ્યા ત્યારે વૃક્ષો કપાયેલા હાલતમાં જોવા મળ્યા હતા. વધુમાં લાકડું વેચાઈ ગયાનું અને બચેલા થળને જે.સી.બી. મારફતે કાઢી પુરાવા નષ્ટ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

પુરાવા રજૂ કર્યા છતાં કોઈ કાર્યવાહી નહીં

સભ્યોએ કપાયેલા વૃક્ષોના થળિયાંના ફોટા પુરાવા રૂપે જોડીને તા. 3 જાન્યુઆરીના રોજ વાઘોડિયા મામલતદાર સમક્ષ સરપંચ અને ડેપ્યુટી સરપંચ વિરુદ્ધ અરજી કરી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈપણ પ્રકારની દંડનીય અથવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવાર અરજીઓ છતાં પ્રશાસન તરફથી નિષ્ક્રિયતા જોવા મળતાં સભ્યોમાં ભારે નારાજગી ફેલાઈ છે. સભ્યોનું કહેવું છે કે આ સમગ્ર ઘટનામાં "દાળમાં કંઈક કાળું" છે અને જવાબદાર અધિકારીઓ જાણતા હોવા છતાં આંખ મીંચી રહ્યા છે. હવે જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ઉંચા સ્તરે રજૂઆત કરવાની ચેતવણી પણ સભ્યોએ આપી છે.

મોડાસર ચોકડી નજીક વોચ નાકાબંધી દરમિયાન

બોડેલી પોલીસની મોટી કાર્યવાહી 13.32 લાખનો મુદ્દામાલ ઝબ્બે

(પ્રતિનિધિ) બોડેલી, છોટાઉદેપુર

આગામી મકરસંક્રાંતિ-ઉતરાયણ પર્વને ધ્યાને લઈ પ્રોહિબીશન પ્રવૃત્તિઓને સદંતર રીતે નેસ્તનાબૂદ કરવા તથા દારૂબંધીનો કડક અમલ સુનિશ્ચિત કરવા મદદનીશ પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લામાં તમામ પોલીસ થાણા અમલદારોને અસામાજિક તત્વો ઉપર કડક નજર રાખી કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

બોડેલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ દ્વારા મળેલ બાતમીના આધારે

બોડેલી-ક્વાંટ રોડ, મોડાસર ચોકડી નજીક વોચ નાકાબંધી ગોઠવવામાં આવી હતી.

નાકાબંધી દરમ્યાન એક શંકાસ્પદ સફેદ રંગની મહીન્દ્રા બોલેરો મેક્સ પિકઅપ ગાડી (રજી. નં. MP-46-ZH-1666) અટકાવવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડીમાં નીચે મુજબનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં માઉન્ટ્સ 6000 સુપર સ્ટ્રોંગ ટીન બિયર - નંગ 192 કિંમત રૂ. 22,080/-, મેકડૉવેલ નં.1 સેલિબ્રેશન રમ - નંગ 1,296 કિંમત રૂ. 2,33,280/- અને બેગપાઈપર ડિલક્સ વિસ્કી (180 મી.લી.) ક્વાર્ટર - નંગ 1,632 જેની કિંમત રૂ. 2,77,440/- થાય છે. આમ કુલ 3,120 બોટલ, કિંમત રૂ. 5,32,800/- નો પ્રોહિબીશન મુદ્દામાલ કબજે કરાયો હતો. દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલી મહીન્દ્રા બોલેરો મેક્સ પિકઅપ ગાડી, જેની અંદાજીત કિંમત રૂ. 8,00,000/- છે, તે પણ જપ્ત કરવામાં આવી હતી. આમ કુલ મળીને રૂ. 13,32,800/- નો મુદ્દામાલ બોડેલી પોલીસે કબજે કર્યો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

પાદરા તાલુકાના કુરાલ ગામ શ્રી પ્રદેશ જ્યોતિ વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાયો

પાદરા, પાદરા તાલુકાના કુરાલ ગામ પ્રગતિ મંડળ સંચાલિત શ્રી પ્રદેશ જ્યોતિ વિદ્યામંદિર, કુરાલનો ૯મો વાર્ષિકોત્સવ શાળા ના પટાંગણમાં ઉત્સાહભેર અને ભવ્ય રીતે યોજાયો હતો. ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મના મૂલ્યો તથા વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રતિભાને ઉજાગર કરવાનો ઉદ્દેશ રાખી આ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના કુલ ૧૮૫થી વધુ વિદ્યાર્થીઓએ પ્રેરણાદાયક નાટક, દેશભક્તિ ગીતો, નૃત્ય, રાસ, ટીમલી, સ્તુતિ, નારી સશક્તિકરણ આધારિત પ્રસ્તુતિઓ તથા માતા-પિતૃપ્રેમ વિષયક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત મહેમાનો અને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વાર્ષિકોત્સવના કુરાલ ગામ પ્રગતિ મંડળના ટ્રસ્ટીઓ, કુરાલ ગ્રામ પંચાયતના સરપંચ, શાળા ટ્રસ્ટીઓ, દાતાઓ અને આસપાસના ગામોના સરપંચો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પાદરાના પીપળી ગામે શ્રી નાગણેશ્વરી માતાજી મંદિર ખાતે 15મો પાટોત્સવ

પાદરા, પાદરા તાલુકાના પીપળી ગામે સ્થિત સુપ્રસિદ્ધ રાઠોડ વંશની કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજી મંદિર ખાતે ૧૫મો પાટોત્સવ તથા નવચંડી યજ્ઞ ભક્તિભાવપૂર્વક અને ધામધૂમથી ઉજવવામાં આવ્યો. રવિવારે વહેલી સવારથી સોનાના સિંહાસન પર બિરાજમાન શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિરે મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. નવ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ચાર વિધિ મુજબ મહાપૂજા યોજાઈ હતી. મંદિરને ફૂલો અને રોશનીથી આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. મંદિરના પૂજારી કુલદીપસિંહ રાઠોડ દ્વારા માતાજીને સુંદર ચોલી તથા આભૂષણો પહેરાવી અલૌકિક શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. વહેલી સવારે મંદિરના દ્વાર ખુલ્યા બાદ માતાજીની આરતી કરી પાટોત્સવની ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે રાઠોડ સમાજના યુગલો, વડીલો તથા ભાવિક ભક્તોએ સહજોડે મહાપૂજાનો લાભ લીધો હતો. દિવસભર સમગ્ર રાઠોડ સમાજ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચંદન હેલ્થકેર લિમિટેડે જીના શીખો ભાગીદારી સાથે પંજાબમાં પ્રવેશ કર્યો

વડોદરા | ચંદન હેલ્થકેર લિમિટેડે જીના શીખો લાઇફકેર લિમિટેડ સાથેની પાંચ વર્ષની વિશિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ પંજાબ રાજ્યમાં પોતાની નિદાન સેવાઓનો સત્તાવાર પ્રારંભ કર્યો છે. કંપનીએ ચંદીગઢ નજીક આવેલા ડેરા બસ્સીમાં સફળ ટ્રાયલ રન બાદ નિદાન કામગીરી શરૂ કરી છે. આ મહત્વપૂર્ણ કરાર હેઠળ, ચંદન હેલ્થકેર ભારતભરની તમામ હાલની અને આગામી જીના શીખો હોસ્પિટલ્સ અને ક્લિનિક્સ માટે એક્સક્લૂસિવ ડાયગ્નોસ્ટિક પાર્ટનર તરીકે કાર્ય કરશે. ડેરા બસ્સીની આ નવી સુવિધા HiiMS પંચકુલા હોસ્પિટલનો એક ભાગ છે, જે 100 થી વધુ બેડ ધરાવતી આધુનિક હોસ્પિટલ છે અને આયુર્વેદિક તેમજ આધુનિક તબીબી પદ્ધતિઓના સંયોજન માટે જાણીતી છે. આ કેન્દ્ર દ્વારા ઇનપેશન્ટ અને આઉટપેશન્ટ બંને પ્રકારની સેવાઓ માટે નિદાન વોલ્યુમ મળવાની ધારણા છે. વધુમાં, કંપની આ જ મહિનામાં લખનઉમાં પણ જીના શીખો હોસ્પિટલ ખાતે નિદાન સેવાઓ શરૂ કરીને આ ક્ષેત્રમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવાની તૈયારી કરી રહી છે.

પાદરા પોલીસનું ઉતરાયણ પર્વને ધ્યાનમાં લઈ કડક ફૂટ પેટ્રોલિંગ

(પ્રતિનિધિ) પાદરા, તા.12

પાદરા નગરમાં આવનાર ઉતરાયણ પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ નગરજનો સુરક્ષિત રીતે પર્વની ઉજવણી કરી શકે તે હેતુસર પાદરા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

પાદરા પીઆઈ વિજય ચારણના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ગઢવી, પોલીસ સ્ટાફ તથા હોમગાર્ડ જવાનો સાથે નગરના વિવિધ વિસ્તારો તેમજ મુખ્ય બજારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમ્યાન જાહેર સ્થળોએ શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન પાદરા નગરની વિકટ ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી નડતરરૂપ ઈસમોને કડક સૂચનાઓ આપવામાં આવી હતી. સાથે જ રોડ પર આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકોને પણ સમજાવટ આપવામાં આવી અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

છોટાઉદેપુર ટ્રાફિક પોલીસની આગવી પહેલ વાહનને વિનામૂલ્યે સેફટી ગાર્ડ લગાવ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર

મકરસંક્રાંતિ-ઉતરાયણ પર્વને ધ્યાને લઈ માર્ગો ઉપર ચાલતા વાહનચાલકોને પતંગના દોરાથી અકસ્માત ન બને અને કોઈને ઈજા ન થાય તે માટે છોટાઉદેપુર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા એક સરાહનીય અને આગવી પહેલ કરવામાં આવી છે. જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગો ઉપર આવતા-જતા વાહનચાલકોને રોકી વિનામૂલ્યે સેફટી ગાર્ડ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેનાથી પ્રજાની સલામતીમાં નોંધપાત્ર વધારો થશે.

છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા સૂચના આપવામાં આવી હતી કે ઉતરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી

કોઈ વ્યક્તિને ઈજા ન થાય કે જાન-માલનું નુકસાન ન થાય તે માટે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવે. આ સૂચનાના અનુસંધાને જિલ્લા ટ્રાફિક પોલીસ તરત હરકતમાં આવી અને છોટાઉદેપુર જિલ્લાના વિવિધ માર્ગો ઉપર વાહનચાલકોને અટકાવી વિનામૂલ્યે સેફટી ગાર્ડ ફિટ કરવાની કામગીરી શરૂ કરી હતી.

ઉતરાયણ પર્વ દરમિયાન માર્ગ સલામતી સાથે-સાથે પક્ષીઓના બચાવ માટે વન વિભાગ દ્વારા પણ જરૂરી અને અસરકારક વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે સાથે ચાઈનીઝ દોરી અને ઘાતક તુક્કલ જેવા નુકસાનકારક સાધનો પર અંકુશ રાખવા માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

જિલ્લા ટ્રાફિક પોલીસ અને વન વિભાગ દ્વારા કરવામાં આવેલી આ સંયુક્ત કામગીરીથી ઉતરાયણ પર્વ દરમિયાન માનવ જીવન તથા પ્રાણી-પક્ષીઓની સુરક્ષા સુનિશ્ચિત થશે.

ક્વાંટમાં અવનવી પતંગો અને માંજાઓની દુકાનોએ આકર્ષણ જમાવ્યું

ઉતરાયણ પર્વને હવે માંડ ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે પતંગરસિકોમાં ઉતરાયણને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેવામાં બજારોમાં વિવિધ પ્રકારની પતંગ દોરાની રેલો એ આકર્ષણ જમાવ્યું છે પરંતુ આજે આ સોમવારે હાટ બજારમાં નહીવત ઘરાકી દેખાતા વેપારીઓમા ચિંતા જોવા મળી રહી છે અને વેપારીઓને એવી આશા છે કે ઘરાકી નીકળશે એવી આશા સાથે વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈ બેઠા છે.

ગુતાલના ભરવાડિયાપુરામાં તળાવ સાફ કરી ઊંડું કરવાની માંગ

વાઘોડિયાની તાલુકા પંચાયત કચેરીએ ગ્રામજનોનો હોબાળો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.12

વાઘોડિયા તાલુકાના ગુતાલ ગ્રામ પંચાયતના પેટાપુરા ભરવાડિયાપુરા ગામે આવેલ તળાવની સાફ-સફાઈ અને ઊંડાણ કામ શરૂ કરવા માટે ગ્રામજનો દ્વારા ઉગ્ર માંગ ઉઠાવવામાં આવી છે. ગામના તળાવને સાફ કરી લોકઉપયોગી બનાવવા માટે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો અને તે અનુસંધાને પંચાયત દ્વારા તળાવમાં ઉગી નીકળેલા જંગલી ઝાડી-ઝાંખરા સાફ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પરંતુ, ગુતાલ ગામના

કેટલાક શખ્સો દ્વારા ગ્રામ પંચાયતના સભ્યો ઉપર ખોટા આક્ષેપો લગાવી તેમજ ખોટી અરજીઓ કરી વિઘ્નસંતોષી રીતે તળાવનું કામ અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. આ બાબતે રોષે ભરાયેલા ગ્રામજનો તળાવ પર એકત્રિત થયા અને "હવનમાં હાડકા નાંખો નહીં, અમારા ગામનું તળાવ સાફ કરવા દો" જેવા ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા.

આ વિરોધ પ્રદર્શન અંતર્ગત ૧૫૦થી વધુ મહિલા-પુરુષ ગ્રામજનો વાઘોડિયા તાલુકા પંચાયત કચેરીએ પહોંચ્યા હતા અને A.T.D.O.ને મૌખિક તેમજ લેખિત રજૂઆત કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતની ચૂંટણી બાદથી ગામમાં વિકાસકામોને લઈને સતત વિવાદો થતા રહે છે, જેના કારણે ગામના મહત્વના વિકાસના કામો અટકી પડ્યા છે. વારંવાર RTI અને અરજીઓ થવાથી સરપંચ, ડેપ્યુટી સરપંચ, પંચાયત સભ્યો અને તલાટી-કમ-મંત્રી પરેશાન થઈ ગયા છે.

દાહોદના તાલુકામાં CSC સંચાલકો માટે કેન્દ્રની મહત્વપૂર્ણ સૂચનાઓ

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં કાર્યરત CSC (કોમન સર્વિસ સેન્ટર) ના સંચાલકો માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. આ અંતર્ગત CSC VLE (વિલેજ લેવલ એન્ટરપ્રેન્યોર) સેન્ટરના સંચાલકોને સરકારની વિવિધ યોજનાઓ, CSC દ્વારા આપવામાં આવતી સેવાઓ તેમજ નવા અમલમાં આવેલા નિયમોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સરકારના નવા નિયમો મુજબ યોજાયેલી ટ્રેનિંગ દરમિયાન ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે દરેક CSC સેન્ટર પર નીચે મુજબની બાબતો ફરજિયાત રીતે ઉપલબ્ધ હોવી જોઈએ. CSC નું અધિકૃત બેનર, પોલીસ ક્લિયરેન્સ સર્ટિફિકેટ, સર્વિસ ચાર્ટ, રેટ ચાર્ટ, નોંધણી રજિસ્ટર તેમજ સૌથી મહત્વની બાબત એ છે કે CSC સેન્ટર પર માત્ર નોંધાયેલ સંચાલક જ કામગીરી કરે, તેની જગ્યાએ અન્ય કોઈ વ્યક્તિ કાર્યરત ન હોવી જોઈએ.

પાદરાની જ્ઞાનયજ્ઞ વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ કલરવ ઉજવાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.12

સમર્પણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યામંદિર ખાતે વાર્ષિકોત્સવનું ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ટીમ કલરવ દ્વારા સમગ્ર આયોજન સુંદર રીતે સંચાલિત કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવની શરૂઆતમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, અટલાદરા પરથી પધારેલા સંતશ્રીઓ શ્રીજીવંદન સ્વામી તથા યજ્ઞજીવન સ્વામીનું શાળાના પરિવાર દ્વારા શબ્દો ઉભા રહી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને આરતી કરવામાં આવી હતી.

પ્રારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા "ચાલો આદર્શ બનીએ" ગીત

પર અભિનય રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ સરસ્વતી વંદના અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન માતૃ વંદના, પિતૃ વંદના, શૌર્ય ગીત, કોમેડી સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરી દીધા.

અડકો-દડકો, જો નિશાળે કોયલ અને બાળકોને રમવા દો જેવા અભિનય દ્વારા વિદ્યાર્થીઓએ બાળપણની નિર્દોષતા અને આનંદને સુંદર રીતે રજૂ કર્યો હતો. મોબાઈલના વધતા ઉપયોગથી થતી અસરો અંગે મોબાઈલ એક્ટ દ્વારા સમાજને જાગૃત કરતો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કલ્ચરલ ડાન્સ દ્વારા ભારતના વિવિધ રાજ્યોની સંસ્કૃતિમાં એકતાનો સંદેશ આપતો નૃત્ય કાર્યક્રમ રજૂ થયો. ત્યારબાદ ગુજરાતની શાન એવા ગરબા નૃત્ય દ્વારા સમગ્ર માહોલ ગુજરાતમય બની ગયો હતો.

દેવગઢબારિયા નગરના વિકાસ કાર્યમાં બેદરકારી

દાખવાતા નગરજનોનું સ્વાસ્થ્યની જોખમમાં મૂકવા માટે આરોગ્ય જોખમમાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

દેવગઢ બારીયાનગરના વોર્ડનંબર-5 માં નવી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે.તે દરમિયાન નગર કારણભૂત બને તેવી એક ગંભીર બેદરકારી સામે આવી છે. નવી પાઈપલાઈન માટે કરાયેલા ખોદકામ દરમિયાન દાખવવામાં આવેલી બેદરકારીને કારણે ગટર લાઈન તૂટી જતા તે ખાડામાં ગટરનું ગંદુ પાણી ભરાયું હતું. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં ગટરનું ગંદુ પાણી તે ખાડામાંથી સંપૂર્ણ રીતે સાફ કર્યા વિના પાઈપલાઈન લગાવી દઈ કામ પૂરું કરી દેવામાં આવ્યું હોવાના જલદ આક્ષેપ સ્થાનિકોએ કર્યા છે. આ મામલે સ્થાનિકોના જણાવ્યા મુજબ પાલિકા કર્મીઓની આવી બેદરકારીને કારણે હવે ગટર મિશ્રિત પાણી પીવાના પાણીની પાઈપ લાઈનમાં પ્રવેશી શકે તેવી શક્યતાઓને નકારી શકાય તેમ નથી જેથી રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા ઊભી થઈ છે. આ મામલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નાગરિકોએ જવાબદાર કોન્ટ્રાક્ટર, અધિકારીઓ અને સંબંધિત વિભાગ સામે તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહીની માંગ કરી છે. હવે સવાલ એ ઉભો થાય છે કે જો આ બેદરકારીના કારણે કોઈ રોગચાળો ફાટી નીકળે તો નવાઈ નહી.